Returning Officer Council of States Election * Gujarat

# પત્રક-૧

## રાજ્યસભાની ચૂંટણીમાં મત આપવા માટે મતદારોને સૂચનાઓ.

ક. ચૂંટણીની પધ્ધતિ

૧. રાજ્યસભાની ચૂંટણી એકલસંક્રમણીય મત ધ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્વની પધ્ધતિથી યોજાય છે.

૨. આ પધ્ધતિમાં દરેક મતદાર પાસે માત્ર એક મત હશે, પરંતુ મતદાર પોતાની પસંદગીના ક્રમમાં પોતાને ગમે તેટલા ચૂંટણી લડતા ઉમેદવારો માટે પસંદગી દર્શાવી શકે છે.

ખ. મત આપવાની રીત.

૩. આ ચૂંટણીમાં કુલ-પાંચ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે પૈકી ચાર ઉમેદવારોને ચૂંટવાના છે. મતપત્ર ઉપર તમે જે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવા માંગતા હો તેના નામ સામે આપવામાં આવેલ "પસંદગીનો ક્રમ દર્શાવો" નામના ખાનામાં "૧"નો આંકડો લખી તમારો મત આપવો.

૪. તમારા મતપત્રને માન્ય કરાવવા માટે ઉમેદવારોમાંના એક ઉમેદવાર સામે "૧" નો આંકડો મૂકી તમારો પ્રથમ પસંદગીનો ક્રમ દર્શાવવો જરૂરી છે. એટલે કે તમે બીજા અને ત્યાર બાદની પસંદગીના ક્રમો દર્શાવી પણ શકો અને ન પણ દર્શાવી શકો.

આમ, ઉમેદવારોમાંથી કોઈ પણ એક ઉમેદવારના નામ સામે '૧'નો આંકડો દર્શાવવો ફરજિયાત છે અને બાકીના ઉમેદવારો માટે બાકીના આંકડા ૨,૩, વગેરે દર્શાવવા વૈકલ્પિક છે, એટલે કે ફરજિયાત નથી.

૫. આ "૧"નો આંકડો માત્ર એક ઉમેદવારના નામ સામે મૂકી શકાશે.

૬. ચૂંટણી લડતા ઉમેદવાર જેટલી સંખ્યામાં તમે પસંદગીના ક્રમ આપી શકો છો.

૭. કોઈ પણ ઉમેદવારના નામ સામે તમે માત્ર એક જ આંકડો મૂકયો છે તેની ખાતરી કરો અને તે જ આંકડો એક કરતાં વધારે ઉમેદવારોના નામ સામે ન લખાય તેની પણ ખાતરી કરો.

૮. પસંદગીનો ક્રમ માત્ર <u>આંકડાઓમાં</u> જ દર્શાવવાનો રહેશે. **દા.ત.** ૧, ૨, ૩, વગેરે **પસંદગીનો ક્રમ** એક / બે/ત્રણ વગેરે **જેવા** <u>**શબ્દોમાં**</u> દર્શાવી શકાશે નહી.

૯. આ આંકડા ભારતીય અંકોના આંતરરાષ્ટ્રીય સ્વરૂપમાં ૧,૨,૩, ની જેમ અથવા રોમન આંકડામાં દા.ત. I, II, III વગેરે અથવા ભારતની કોઈપણ ભાષામાં વપરાતા આંકડાના સ્વરૂપમાં દર્શાવી શકાશે.

૧૦. મતપત્ર પર મત નોંધવા માટે મતદાન મથકમાં ઉપસ્થિત ગુજરાત વિધાનસભા સચિવાલયના મતદાન અધિકારી દ્વારા મતદાન મથકમાં અધિકૃત રીતે ખાસ પેન આપવામાં આવશે . તેનાથી જ તમારે મતપત્ર પર ૧,૨,૩, વગેરે આંકડા દર્શાવી મત

આપવાનો રહેશે. ઉકત ૧,૨,૩ વગેરે આંકડા દર્શાવવા માટે અન્ય કોઈ અથવા આપની પોતાની પેનનો ઉપયોગ કરશો નહી, કારણકે તેમ કરવાથી તમારું મતપત્ર <u>અમાન્ય</u> ઠરશે.

૧૧. મતપત્ર ઉપર આપનું નામ અથવા અન્ય શબ્દો લખશો નહી, અથવા તમારી સહી કરશો નહી, અથવા તમારા પ્રથમાક્ષરો લખશો નહી. તમારા અંગૂઠાની છાપ પણ પાડશો નહી. આવું કરવાથી તમારું મતપત્ર અમાન્ય ઠરશે.

૧૨. કોઈપણ રીતે તમારા મતપત્રને વિકૃત કરશો નહીં.

૧૩. તમારી પસંદગીનો ક્રમ દર્શાવવા માટે " √ " અથવા " × " જેવી " ખરા " કે " ખોટા "ની નિશાની કરશો નહી. આવા મતપત્રો રદ થશે. ઉપર સમજાવ્યા મુજબ તમારી પસંદગીનો ક્રમ માત્ર આંકડામાં એટલે કે ૧,૨,૩, વગેરેથી દર્શાવશો.

ગ. **રદ થવાપાત્ર મતપત્રો**

જે મત પત્ર ઉપર –

(૧) '૧' નો આંકડો દર્શાવેલો નહીં હોય,

(૨) '૧'નો આંકડો એક કરતાં વધારે ઉમેદવારો નાં નામો સામે દર્શાવવામાં આવ્યો હશે.

(૩) '૧'નો આંકડો એવી રીતે દર્શાવાયો હોય કે જેથી મતદાતા તે આંકડો કયા ઉમેદવારને લાગુ પાડવા માંગે છે તે શંકાસ્પદ લાગે.

(૪) આંકડા ૧ અને ૨,૩, વગેરે જેવા કેટલાક અન્ય અંકો પણ એક જ ઉમેદવારના નામની સામે મૂકવામાં આવ્યા હોય,

(૫) પસંદગીના ક્રમ આંકડાને બદલે શબ્દોમાં દર્શાવવામાં આવ્યા હશે,

(૬) મતદારની ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રકારનાં કોઈપણ નિશાની કે લખાણ હોય,

– તો તે મતપત્ર અમાન્ય ઠરશે.

ઘ **<u>મતની ગુપ્તતા</u>**

**સન ૧૯૬૧ના ચૂંટણી સંચાલનના નિયમોના નિયમ ૩૯ કક મુજબ મતદારે પોતાના પક્ષના અધિકૃત વ્યક્તિને જ મત બતાવવાનો રહેશે. અન્ય કોઇને મત બતાવવાનો નથી જો અન્યને બતાવવામાં આવશે તો આપનો મત રદ થશે.**

States Election ✱ Gujarat Returning Officer Council of

## મતદારો દવારા મતદાનના સ્થળ પર મતદાનની પ્રક્રિયા

(૧) જેમને મતપત્ર આપવામાં આવ્યું છે તેવા દરેક મતદારે મતદાનના સ્થળ પર મતદાન "Open Ballot" પધ્ધતિથી કરવાનું રહેશે અને તે માટે તેમણે નીચે દર્શાવવામાં આવેલી મતદાનની પ્રક્રિયાનું પાલન કરવાનું રહેશે.

(૨) મતદારે, તેને મતપત્ર મળે કે તરત જ :-

(ક) મતદાન કરવાની કુટિરમાં જવાનું રહેશે.

(ખ) પોતાનો મત આપવાનો રહેશે.

(ગ) પોતાનો મત આપ્યા બાદ મતપત્રવાળીને બહાર આવી મતદાન મથકમાં હાજર પોતાના પક્ષના અધિકૃત વ્યક્તિને બતાવવાનો રહેશે.

(ઘ) મતપત્રને વાળીને મતપેટીમાં નાંખવાનું રહેશે, અને

(ચ) મતદાન મથકમાંથી બહાર નીકળી જવાનું રહેશે.

(૩) દરેક મતદારે બિન જરૂરી વિલંબ કર્યા વગર મત આપવાનો રહેશે.

(૪) જયારે મતદાન કરવાની કુટિરમાં એક મતદાર હશે ત્યારે બીજા મતદારને કુટિરની અંદર પ્રવેશ કરવા દેવામાં આવશે નહિં.

બ. દરેક મતદારે નીચેની બાબતોનું ધ્યાન પણ રાખવું જોઇએ :-

(૧) જેને મતપત્ર આપવામાં આવ્યુ હોય તેવો કોઇ પણ મતદાર જો પ્રમુખ અધિકારી દ્વારા ચેતવણી આપવામાં આવ્યા બાદ, ઉપરના ફકરા ૨(ક) થી ૨(ચ)માં નક્કી કરવામાં આવેલી મતદાનની પ્રક્રિયા સંબંધેની પધ્ધતિનું પાલન કરવા ઇન્કાર કરશે તો તે મતદારે તેમને આપવામાં આવેલા મતપત્ર ઉપર મત અંકિત કર્યો છે કે નહીં તે હકીકતને ધ્યાનમાં લીધા વગર જ તેમની પાસેથી ચૂંટણી અધિકારી અથવા તેમના નિર્દેશ હેઠળ મતદાન અધિકારી તે મતપત્ર પાછું લઇ લેશે અને તે મતદારને નવું મતપત્ર આપવામાં આવશે નહીં. આવું પાછું લેવામાં આવેલું મતપત્ર નિર્વાચન અધિકારી યોગ્ય રીતે રદ્દ કરશે અને એક અલગ પરબીડિયામાં તેને સીલ કરશે.

(૨) ઉપર ફકરા બ(૧)માંના નિર્દેશ છતાં પણ જો કોઇ મતદાર પોતાનું મતપત્ર મતપેટીમાં નાંખશે તો, તે મતપત્રના સિરિયલ નંબરની તેના કાઉન્ટર ફોઇલ પરથી ખાતરી કરીને નિર્વાચન અધિકારી મત ગણતરી વખતે ઉક્ત મતપત્રકને અલગ તારવી લેશે અને તેને રદ્દ કરશે અને મતગણતરીના હેતુ માટે ઉક્ત મતપત્રને ધ્યાનમાં લેશે નહીં.

Returning Officer Council of States Election * Gujarat

# પત્રક - ૨

૧. **મતદાન મથકમાં ઈલેક્ટ્રોનિક ગેઝેટ જેવાં કે, મોબાઇલ ફોન, સેલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, કોઈપણ પ્રકારના કેમેરા લાવવા પર પ્રતિબંધ**

ભારતના ચૂંટણી પંચની સુચના મુજબ રાજ્યસભા ચૂંટણી ૨૦૨૦ના મતદાન મથકમાં કોઇ પણ પ્રકારના મોબાઇલ ફોન, સેલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ, કોઈપણ કેમેરા સાથે પ્રવેશ કરી શકાશે નહી તેથી દરેક મતદારે મતદાન મથકના પ્રવેશ દ્વાર પાસે રહેલા મતદાન અધિકારી પાસે પોતાનો મોબાઇલ ફોન, સેલ ફોન, કોડલેસ ફોન, કોઈપણ પ્રકારના કેમેરા વગેરે પ્રતિબંધિત વસ્તુઓ જમા કરાવવાની રહેશે.

૨. **મતદાન સમયે મતદારની ઓળખ બાબત**

ભારતના ચૂંટણી પંચે તારીખ ૨૬-૦૨-૨૦૨૦ના પત્રથી રાજ્યસભાની ચૂંટણી માટે બેન્કવેટ હોલ, ચોથા માળે, વિઠ્ઠલભાઈ પટેલ ભવન, ગુજરાત વિધાનસભા, ગાંધીનગરને મતદાન સ્થળ તરીકે જાહેર કરેલ છે. આ ચૂંટણી માટે સવારના ૦૯:૦૦ વાગ્યાથી સાંજના ૦૪:૦૦ વાગ્યા સુધી મત આપવાને પાત્ર ગુજરાત વિધાનસભાના ચૂંટાયેલા સભ્યશ્રીઓએ ઉપર જણાવેલ સ્થળે રાજ્યસભાની ચૂંટણી માટે મતદાન કરવા માટે ઉપસ્થિત થવાનું રહે છે. ચૂંટણીપંચની સૂચના મુજબ રાજ્યસભાની ચૂંટણી માટે મત આપવા ઇચ્છતા મતદારે મતદાન સમયે પોતાની ઓળખ સ્થાપિત કરવાની રહે છે. આ હેતુ માટે મતદારે (૧) વિધાનસભાના સભ્ય તરીકેનું ઓળખપત્ર (૨) ધારાસભ્ય તરીકેની આપની ચૂંટણીનું પરિણામ જાહેર થયા બાદ નિર્વાચન અધિકારીએ નિયત નમૂના-૨૨ પ્રમાણે ઇશ્યુ કરેલ અસલ ચૂંટણી પ્રમાણપત્ર અને (૩) મતદાર ઓળખ કાર્ડ(EPIC) જેવા પુરાવામાંથી કોઇ પણ એક પુરાવો મતદાન મથકના પ્રમુખ અધિકારી માંગે ત્યારે રજૂ કરવાનો રહેશે.

આથી ઉપર દર્શાવ્યા મુજબના મતદારની ઓળખ રજૂ કરતા પૂરાવા મત આપવા આવતી વખતે પોતાની સાથે રાખવા સર્વે મતદારોને વિનંતી છે.

3. મતદારે મતપત્ર મતપેટીમાં નાખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબત

લોકપ્રતિનિધિ અધિનિયમ, ૧૯૫૧ તથા તે હેઠળ ઘડેલા સન ૧૯૬૧ના ચૂંટણી સંચાલનના નિયમોની જોગવાઇઓ અનુસાર રાજ્યસભાની ચૂંટણી ઓપન બેલટથી પ્રમાણસર પ્રતિનિધિત્વના સિધ્ધાંતને આધારે એકલ સંક્રમણિય મત પધ્ધતિથી થતી હોવાથી આપ જે પક્ષના સભ્ય છો તે પક્ષના અધિકૃત પ્રતિનિધિને મતપત્ર બતાવીને મતપત્ર મતપેટીમાં નાખવાનું રહે છે. જો આપ આપના પક્ષના અધિકૃત પ્રતિનિધિને મતપત્ર બતાવવાના નિયમ-૩૯ કક થી નિયત થયેલ મતદાનની પ્રક્રિયાનું ઉલ્લંઘન કરશો તો આપનું મતપત્ર રદ થશે.

